# મહિલા મુસાફર બસમાં ચઢવા ગઈ ને ડ્રાઈવરે બસ ઉપાડી મુકી...

## ઘ-૫ પાસે બનેલી આ બેદરકારીયુક્ત ઘટનામાં મહિલા મુસાફરના બંને પગ ચગદાઈ ગયા

ગાંધીનગર, તા. ૧૬

થોડા દિવસોથી એસ.ટી. બસના ડ્રાઈવર્સનું ડ્રાઈવીંગ કેટલાક અકસ્માતની ઘટનાઓને કારણે સતત ચર્ચામાં છે ત્યારે આજે સમી સાંજે એસ.ટી. બસના સમી સાંજે સે. ૨૮/૨૯ બસ સ્ટેન્ડથી મુસાફરો ભરતી-ભરતી ઘ-૫ પાસે પહોંચી હતી. જશોદાનગર તરફ જઈ રહેલી આ બસ ઘ-૫ બસ સ્ટેન્ડ મુસાફરો ભરવા ઉભી રહી ત્યારે અમરાઈવાડીથી ગાંધીનગર છુટક




ડ્રાઈવરની બેદરકારીને કારણે મુસાફરના પગ ચગદાઈ જવા જેવી ગંભીર ઘટના ગાંધીનગરમાં બનવા પામી હોવાનું ધ્યાને આવ્યુ છે. અકસ્માતને જોનાર રાહદારીઓનું માનીએ તો ઘ-૫ સર્કલ નજીક બસ સ્ટેન્ડ પાસે મહિલા મુસાફર બસમાં ચઢવા ગઈ ત્યાં જ ડ્રાઈવરે બસ ઉપાડી મુકતા મહિલાના બંને પગ ચગદાઈ ગયા હતા અને મહિલાને ગાંધીનગર સિવિલ હોસ્પિટલથી અમદાવાદ સિવિલ હોસ્પિટલ વધુ સારવાર અર્થે ટ્રાન્સફર કરવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે.

પ્રાપ્ત માહિતી મુજબ ગાંધીનગર-અમદાવાદ રૂટની જીજે.૧૮.વાય.૯૨૪૦ નંબરની એસટી બસ મજુરી કરવા આવતા ૪૫ વર્ષિય મહિલા મુસાફર પ્રમીલાબેન વિઠ્ઠલભાઈ સોલંકી આ બસમાં ચઢવા જતા હતા. મહિલા બસમાં ચઢવા ગઈ ત્યાંજ બસના ડ્રાઈવરે ઉતાવળે બસ ઉપાડી મુકી હતી. લોકમુખે ચર્ચાઈ રહેલી આ બેદરકારીયુક્ત ઘટનામાં મુસાફર પ્રેમીલાબેનના બંને પગ એસ.ટી. બસના ટાયર નીચે ચગદાઈ ગયા હતા. તાત્કાલિક તેણીને ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખડેસવામાં આવી હતી. જો કે તેણીને વધુ સારવાર અર્થે અમદાવાદ ટ્રાન્સફર કરવામાં આવી હતી. પોલીસમથકમાં ગુનો નોંધાવાની તજવીજ મોડી રાત સુધી થઈ શકી ન હતી.

# ગુજરાત યુનિવર્સિટી સાથે જોડાયેલી કોલેજોમાં ઈન્ટરનલ પરીક્ષા લેવાશે

અમદાવાદ,તા. ૧૬

ગુજરાત યુનિવર્સિટી સાથે જોડાયેલી સાયન્સ, કોમર્સ, આર્ટ્સ સહિતની વિદ્યાશાખાની કોલેજોમાં ઈન્ટરનલ પરીક્ષા લેવાનો હવે નિર્ણય લેવાયો છે. આ નિર્ણયને ખુબ મહત્વપૂર્ણ ગણવામાં આવે છે. અગાઉ પરીક્ષા રદ કરી ૨૫ માર્કનું એસાઈન્ટમેન્ટ આપવાનો નિર્ણય કરાયો હતો જેને બદલીને હવે ઈન્ટરનલ પરીક્ષા લેવાનો નિર્ણય કરાયો છે. આ નિર્ણયનો અમલ સેકન્ડ સેમેસ્ટરથી થશે. યુનિવર્સિટીના રજિસ્ટ્રારે ૨૧૦ કોલેજોના પ્રિન્સિપાલોને મોકલેલા પરીપત્રમાં જણાવ્યું હતું કે, સેમેસ્ટર પદ્ધતિમાં કોલેજો દ્વારા લેવાતી ઈન્ટરનલ પરીક્ષામાં દિવસનો વ્યય થતો હોઈ શિક્ષણનું સ્તર સુધરે, વિદ્યાર્થીઓ ક્લાસમાં હાજર રહે તેવા આશયથી આ નિર્ણય લેવાયો હતો. શૈક્ષણિક વર્ષ ૨૦૧૫-૧૬ના બીજા સત્રથી ઈન્ટરનલ પરીક્ષાના બદલે પ્રાધ્યાપક દ્વારા વિદ્યાર્થીઓ પાસે પેપરદીઠ ૨૫ ગુણનું એક એસાઈનમેન્ટ લેવાનું નક્કી કરવામાં આવ્યું હતું. તેનું મુલ્યાંકન કરીને ૨૫માંથી ગુણ આપવાના હતા. આ ઉપરાંત આચાર્યએ વિદ્યાર્થીની હાજરીના ૫માંથી ગુણ, આમ કોલેજે કુલ ૩૦માંથી ગુણ મોકલી આપવાના હતા. જ્યારે યુનિવર્સિટીમાં રાબેતા મુજબ ૭૦ ગુણની પરીક્ષા રહેશે એવી સ્પષ્ટતા કરવામાં આવી હતી.

## હાલીસા રામજી મંદિર ખાતે અગિયારમો પાટોત્સવ સંપન્ન

ગાંધીનગર, તા.૧૬

શ્રી રામકૃપા ટ્રસ્ટ હાલીસા દ્વારા રામજી મંદિરના ૧૧ માં પાટોત્સવની ભવ્ય ઉજવણી તાજેતરમાં કરવામાં આવી હતી. મંદિરના પાટોત્સવ નિમિતે શાળાના બાળકો દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મોટી સંખ્યામાં ભકતો ઉપસ્થિત રહ્યા હતા.

ગાંધીનગર જિલ્લાના હાલીસા ગામે ગત્ તા.૧૦ ફેબુઆરીને બુધવારને મહાસુદ બીજના રોજ રામજી મંદિરના પાટોત્સવમાં મંદિરના પટાંગણમાં હવન - યજ્ઞમાં સવાર થી જ ગ્રામજનો હાજર રહ્યા હતા. બપોર બાદ ગામમાં ભવ્ય શોભાયાત્રા નીકાળવામાં આવી હતી જે ગામમાં વિવિધ માર્ગો પર થઈને રામજી મંદિરે સાંજે નિજ મંદિરે પરત ફરી હતી. શોભાયાત્રામાં ભજન કિર્તનથી ગામમાં ભકિતનું વાતાવરણ સર્જાયું હતું. ધાર્મિક પ્રસંગે શાળાના વિદ્યાર્થીઓ દ્વારા સુંદર સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો હતો. જેમા બાળકોએ ડાન્સ, ગીત, ભજનો રજુ કરતા હાજર સૌએ તાળીઓથી વધાવી લીધા હતા.

આ પ્રસંગે વર્ષ દરમિયાન કરવામાં આવેલા ચાર ચક્ષુદાતાઓના પરિવારોનું તથા દાતાઓનું સન્માન કરવામાં આવ્યું હતું.

## બાર ગામ કડવા પાટીદાર સમાજનો સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા.૧૬

બાર ગામ કડવા પાટીદાર સમાજ ગાંધીનગરનો ઈનામ વિતરણ તથા સાંસ્કૃતિક કાર્યક્રમ ઉમિયા માતા મંદિરના પ્રાંગણમાં આવેલ હોલમાં તાજેતરમાં યોજાયો હતો. આ પ્રસંગે વડીલ વંદના, બેટી બચાવો તથા લગ્નવર્ષના ૫૦ વર્ષ પૂર્ણ કરનાર દંપતિઓને સન્માનવામાં આવ્યા હતા. સમાજની બહેનો દ્વારા ગરબો, રાજસ્થાની નૃત્ય, શિવ તાંડવ પ્રસ્તુત કર્યું હતું. આ કાર્યક્રમના મુખ્ય મહેમાન તરીકે ધારાસભ્ય નારણભાઈ પટેલ, મહેસાણા જિલ્લા પંચાયતના ભૂતપૂર્વ પ્રમુખ ભીખુભાઈ પટેલ હાજર રહ્યા હતા. આ કાર્યક્રમનું સંચાલન પાર્થ પટેલ અને રીયા પટેલે કર્યુ હતું.

## સ્વાગત ઓનલાઈનનો ૧૯મીએ કાર્યક્રમ

અમદાવાદ, તા.૧૬

મુખ્યમંત્રીની ઉપસ્થિતીમાં સામાન્ય નાગરિકોની રાવ-ફરિયાદ-રજુઆતના સ્થળ પર નિવારણનો ટેકનોલોજી ઉપક્રમથી યોજાતો રાજયકક્ષાનો સ્વાગત ઓનલાઈન જનફરિયાદ નિવારણ કાર્યક્રમ આગામી તા. ૧૯ ફેબ્રુઆરી શુક્રવારે યોજાશે. સામાન્ય પ્રતિમાસના છેલ્લા ગુરુવારે યોજાતો રાજય સ્વાગત ઓનલાઈન વિધાનસભાના તા. ૨૩ ફેબ્રુઆરીથી શરૂ થઈ રહેલા અંદાજપત્ર સત્રને અનુલક્ષીને તા.૧૯ ફેબ્રુઆરી-૨૦૧૬ શુક્રવારે યોજાઈ રહ્યો છે.

## જેલના કેદીઓને કુપનના બદલે સ્માર્ટકાર્ડ અપાશે

અમદાવાદ, તા.૧૬

સેન્ટ્રલજેલમાં કેદીઓ દ્વારા જે કામ કરવામાં આવે છે આ કામની સામે તેમને તંત્ર તરફથી કુપન આપવામાં આવતી હોય છે. પરંતુ હવે પછી જેલ સત્તાવાળાઓ દ્વારા કેદીઓને કુપનના બદલે સ્માર્ટકોર્ડ આપવાની યોજના અમલમાં મુકવાની તૈયારી શરૂ કરવામાં આવી હોવાનું સુત્રો તરફથી જાણવા મળ્યું છે.

આ અંગે પ્રાપ્ત થતી વિગતો મુજબ, સેન્ટ્રલજેલમાં વિવિધ ગુનાઓમાં સજા ભોગવતા કેદીઓને બે વિભાગમાં વહેચવામાં આવે છે. કાચા કામના કેદીઓઅને પાકા કામના કેદીઓ આ કેદીઓને તેઓ જેટલા કલાકો તેમને સોપવામાં આવેલ કામ કરે તેની સામે કુપન આપવાની પ્રણાલિકા વર્ષોથી અમલમાં છે.

# ધણપ પાટીયા પાસેથી દારૂ ભરેલી હોન્ડા સીટી પકડાઈ

## કારમાંથી ૧૨૯ નંગ દારૂની બોટલો મળી આવી : રૂ. ૪.૫૧ લાખનો મુદ્દામાલ જપ્ત : બુટલેગર ફરાર

ગાંધીનગર, તા.૧૬

ચિલોડા-હિંમતનગર હાઈવે પરથી વિદેશી દારૂ ભરેલી હોન્ડા સીટી કાર પસાર થઈ રહી હોવાની મુદ્દામાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ગાંધીનગર એલસીબીની ટીમ પેટ્રોલીંગમાં હતી ત્યારે બાતમી મળી પકડી પાડી હતી. જો કે બુટલેગર ગાડી મુકીને નાસી છુટવામાં સફળ રહ્યો હતો. ગાડની ડેકી તપાસ કરતાં અંદરથી રૂ. ૫૧૬૦૦ની કિંમતની




બાતમીને આધારે ગાંધીનગર એલસીબીની ટીમે ધણપ પાટીયા પાસે વૉચ ગોઠવી દારૂ ભરેલી હોન્ડા સીટી પકડી પાડી હતી. ગાડી મુકીને બુટલેગર ફરાર થઈ ગયો હતો જયાર ગાડીમાં તપાસ કરતા અંદરથી ૧૨૯ નંગ દારૂની બોટલો મળી આવી હતી. એલસીબીએ રૂ. ૪.૫૧ લાખનો હતી કે નેશનલ હાઈવે નં. ૮ પર ચિલોડા-હિંમતનગર હાઈવે પરથી વિદેશી દારૂનો જથ્થો ભરેલી જીજે ૧ કે.ઈ. ૩૫૦૯ નંબરની હોન્ડા સીટી કાર પસાર થઈ રહી છે જેને આધારે ધણપ પાટીયા પાસે ટીમે વૉચ ગોઠવી હતી. ત્યાંથી હોન્ડા સીટી પસાર થતા નાકાબંધી કરીને ગાડી વિદેશી દારૂની બોટલો મળી આવી હતી.

દારૂ તથા કાર મળી રૂ. ૪૫૧૬૦૦નો મુદ્દામાલ જપ્ત કરીને ચિલોડા પોલીસ મથકમાં ગુનો નોંધાયો હતો. બુટલેગર સુધી પહોંચવા પોલીસે ગાડીના નંબરને આધારે તપાસ આરંભી છે.

# જીએનએલયુ ખાતે સ્પોર્ટસ લૉ અંગે ત્રિદિવસીય તાલીમ કોર્સ સંપન્ન

## આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત સ્પોર્ટસ લૉયર ડૉ. ઈયાન બ્લેકશોએ તાલીમ આપી : ભારત સહિત જુદા જુદા દેશોના ૫૦ જેટલા તાલીમાર્થીઓએ ભાગ લીધો



ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગરના રાયસણ વિસ્તારમાં ગુજરાત નેશનલ લૉ યુનિવર્સિટી ખાતે સ્પોર્ટસ લૉ બાબતે જાગૃતિ લાવવાના ઉદ્દેશથી આંતરરાષ્ટ્રીય કક્ષાના ત્રિદિવસીય તાલીમ કોર્સનું આયોજન કરવામાં આવ્યું હતું. આ તાલીમ કોર્સનો હેતુ રમતગમત ક્ષેત્રે આંતરરાષ્ટ્રીય કાયદાની જાણકારી આપી તે પ્રત્યે અવેરનેસ ફેલાવવાનો હતો.

'ઈન્ટરનેશનલ સર્ટિફિકેટ કોર્સ ઓન યુરોપિયન યુનિયન એન્ડ સ્પોર્ટસ'. શિર્ષક હેઠળ યોજાયેલ આ તાલીમ વર્કશોપમાં આંતરરાષ્ટ્રીય સ્પોર્ટસ લૉ ક્ષેત્રે ખ્યાતિપ્રાપ્ત લૉયર તથા ઈંગ્લેન્ડ અને વેલ્સની સુપ્રિમ કોર્ટના સોલિસીટર પ્રાધ્યાપક ડૉ. ઈયાન બ્લેકશો દ્વારા તાલીમાર્થીઓને સઘન તાલીમ પુરી પાડવામાં આવી હતી. ડૉ. બ્લેકશૉ નિયમિત પણે વિશ્વભરમાં સ્પોર્ટસ લૉ સંદર્ભે યોજાતી કોન્ફરન્સીઝમાં હાજરી આપે છે અને આંતરરાષ્ટ્રીય સ્પોર્ટસ લૉ ક્ષેત્રે તેમના અઢળક સંશોધનો અને લખાણો ખૂબ મહત્વનું સ્થાન ધરાવે છે.

રમતગમત હવે વિશ્વભરમાં ખૂબ ઝડપથી વિકસતુ ક્ષેત્ર છે. જેના કારણે વિશ્વના મોટા ભાગના દેશોમાં સ્પોર્ટસ લૉ ક્ષેત્રે ખૂબ મોટા પરિવર્તનો આવી રહ્યાં છે. આ તાલીમ કોર્સનો હેતુ આ સંદર્ભે તાલીમાર્થીઓને આંતરરાષ્ટ્રીય સ્પોર્ટસ લૉની જાણકારી આપવી તથા સંક્ષિપ્તમાં સમજણ આપવી તેમજ સાથે સાથે યુરોપિયન યુનિયનથી માહિતગાર કરવાનો હતો. આ તાલીમ દરમ્યાન રજૂ કરાયેલ વ્યાખ્યાનોમાં અત્યંત મહત્વના વિષયો જેવા કે બોઝયેન્સ કેસ રૂલિંગ, સેલ ઓફ સ્પોર્ટસ ટીવી રાઈટ્સ ઈન ઈયુ તથા ઈયુ સ્પોર્ટસ લૉ પર ખાસ કેસોએ છોડેલ છાપ અંગે તાલીમાર્થીઓને માહિતગાર કરાયા હતા. આ કોર્સમાં ભારત તથા અન્ય દેશોના મળીને કુલ ૫૦ તાલીમાર્થીઓએ ભાગ લીધો હતો. જીએનએલયુ સ્પોર્ટસ અને એન્ટરટેઈનમેન્ટ લૉ ક્ષેત્રે સુદ્દઢ કાયદાકીય માળખુ તૈયાર કરી એથ્લેટસ, ટીમ્સ, લીગ્સ, શૈક્ષણિક સંસ્થાઓ અને અન્ય સંસ્થાઓને લૉયર ફોરમ પુરૂ પાડવા કટીબદ્ધ બની છે. તાલીમ કોર્સમાં ભાગ લેનાર તાલીમાર્થીઓને પ્રમાણપત્રો આપવામાં આવ્યા હતા.

## શહેરના ખેલાડીઓનો ટેકવોન-ડો માં ઉત્કૃષ્ટ દેખાવ

ગાંધીનગર, તા.૧૬

ખેલ મહાકુંભ અંતર્ગત જિલ્લા ટેકવોન ડો સ્પર્ધા ગાંધીનગર ખાતે યોજાઈ હતી. જેમાં ગાંધીનગર ટેકવોન ડો એસોસિએશનના ખેલાડીઓએ વિવિધ વયજુથ તથા વજન જુથમાં ભાગ લીધો હતો અને વિજેતા બન્યા હતા.

વિજેતા થયેલા ખેલાડીઓમાં પ્રથમ ક્રમે જાનકી વડવાઈ, નીશા ડાભી, મનાલી વ્યાસ, કાવ્યા વ્યાસ, શૈલી પટેલ, ધ્રુવ પ્રજાપતિ, મહેન્દ્ર સંગાડા, અનુરાગ બામણીયા અને જૈમિન શ્રીમાળી જયારે બીજા ક્રમે પ્રાંજકતા દેવલણીકર, અંજલી ઠાકોર, મિતલ સંગાડા , પ્રિયંકા ચાવડા, પ્રેમ વાઘેલા, તુષાર રાઠોડ, જયદિપ સુથાર, તથા ત્રીજા ક્રમે ભાવના મકવાણા, હેતલ ઠાકોર, ઉર્વશી રાઠોડ, ભાનુમતિ કુવાહા, રીયા જયસ્વાલ, નેહા, જાનવી, હેતલ પરમાર, અલય પારેખ, સક્ષત ભારદ્વાજ, પ્રહર શેઠ, લલીત મીના, કિશન પ્રજાપતિ, મયુર પ્રજાપતિ માહિલ ભાવસાર, હિતેશ ઠાકોર વિજેતા થયા હતા. સંસ્થાના ગ્રાન્ડ માસ્ટર પ્રકાશભાઈ સંભવાણી અને ચીફ કોચ જતીન દવેએ વિજેતા ખેલાડીઓને અભિનંદન પાઠવ્યા હતા.

## ખૂણે ખાંચરેથી...

● આગામી ૨૧મી ફેબ્રુઆરીના રોજ પલ્સ પોલિયો અભિયાનનો બીજો તબક્કો હોવાથી તેને સફળ બનાવવા આજે જીલ્લા વિકાસ અધિકારીના અધ્યક્ષસ્થાને બેઠક મળી હતી.

● ગાંધીનગર સિવિલ હોસ્પિટલના તબીબી અધિકારીઓની મેડીકલ સુપ્રિટેન્ડન્ટ સાથે બેઠક યોજાઈ હતી.

● પંચાયત વિભાગના સેકશન અધિકારી શ્રી કિલ્લોલ પંડ્યાને ઉપ સચિવ તરીકે બઢતી આપી શિક્ષણ વિભાગમાં નિમણુંક આપવામાં આવી છે.

● આજે વાદળછાયુ વાતાવરણ રહેતા ખેડૂતો ચિંતાતુર બન્યા હતા.

● ગ્રામ વિકાસ યોજનાની સમીક્ષા માટે આવેલ કેન્દ્રીય ટીમ આજે કલોલ તાલુકાના પ્રવાસે જનાર છે.

● ગાંધીનગર શહેરમાં દિન-પ્રતિદિન વધતા જતા પાથરણા બજાર હવે કલેક્ટર ઓફિસના દરવાજા સુધી વિસ્તરી ગયું છે.

● ફિક્સ પગારના કેસમાં આજે વધુ એક મુદત સુપ્રીમ કોર્ટમાં પડી છે.

● ગુજરાત વિધાનસભાનું સત્ર આગામી સપ્તાહથી આરંભાઈ રહ્યું હોવાથી તેની તડામાર તૈયારીઓ તંત્ર દ્વારા ચાલી રહી છે.

## યુનિ પરીક્ષામાં ગેરરીતિઓ રોકવા હવે જામર લગાવાશે

અમદાવાદ, તા.૧૬

યુનિવર્સિટીની પરીક્ષામાં થતી ગેરરીતિઓને રોકવા માટે હવે યુનિવર્સિટી દ્વારા કમરકસી લેવામાં આવી છે જેના ભાગરુપે પરીક્ષા ખંડમાં જામર લગાવવામાં આવશે જેનાથી મોબાઈલથી થતી ગેરરીતિને રોકવામાં મદદ મળશે. પ્રાપ્ત માહિતી મુજબ યુજીસીએ યુનિવર્સિટીમાં લેવાતી પરીક્ષાઓમાં ગેરરીતિ ડામવા માટે પરીક્ષા ખંડમાં જામર લગાવવાની પોલિસી બનાવી છે. યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશને તમામ યુનિવર્સિટીને જામર પોલીસિ બાબતે સર્ક્યુલર મોકલી દીધો હોવાનું આધારભુત સુત્રો જણાવે છે. આ અન્વયે હવે પરીક્ષા ખંડમાં દરેક યુનિવર્સિટીએ લો પાવર જામર લગાવવા પડશે.

યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશને જાહેર કરેલ સર્ક્યુલર મુજબ કોલેજ અને યુનિવર્સિટીમાં લેવાતી પરીક્ષાઓમાં ગેરરિતીના કિસ્સા ન બને તે માટે જાહેર કરેલી પોલિસી અન્વયે ૧૯ જાન્યુઆરી, ૨૦૧૬ના રોજ સર્ક્યુલર તમામ યુનિવર્સિટીને મોકલવામાં આવ્યો છે. તે મુજબ પરીક્ષા ખંડમાં લો પાવર જામર લગાવશે. લો પાવર જામરના ઉપયોગના કારણે વિદ્યાર્થીઓ રેડિયો ફ્રિકતન્સી બેઝડ ડિવાઈસનો ઉપયોગ કરી પરીક્ષામાં ચાલી રહી શકશે નહીં જેના કારણ ગેરરીતિના કિસ્સાઓમાં ઘટાડો થવાની શકયતા છે. જોકે આ પરિપત્રના કારણે કેટલીક આંતરિક ચર્ચાઓ શરૂ થઈ છે.

# ગાંધીનગર ખાતે રાષ્ટ્રીય મહિલા આયોગ અને ૧૧ રાજ્યોના આયોગ-અધ્યક્ષા સાથે સંવાદાત્મક બેઠક યોજાઈ

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર ખાતે રાષ્ટ્રીય મહિલા આયોગ અને જુદા જુદા ૧૧ રાજ્યોના આયોગ-અધ્યક્ષા, મહિલાઓને વધુને વધુ શિક્ષિત કરવી, મહિલા સશક્તિકરણ-સ્વાવલંબન અને સંસ્કૃતિ-સંસ્કારને સુદૃઢ કરવાનો ત્રિસ્તરીય અભિગમ અપનાવાય તો લલિતાકુમાર મંગલમે જણાવ્યું હતું કે, આજે મહિલાઓની વર્તમાન સ્થિતિ સુધારવા અનેકવિધ મુદ્દે સામુહિક ચિંતન કરવાની જરૂર છે. આયોગે કરેલી શ્રેષ્ઠ કામગીરીને દોહરાવી હતી. જ્યારે મહિલા અને બાળ કલ્યાણ વિભાગના અગ્રસચિવ અનુરાધા મલ્લે મહિલા સામર્થ્ય અને






પ્રતિનિધિઓ સાથે સંવાદાત્મક બેઠક યોજાઈ હતી. આ બેઠકનું ઉદ્ઘાટન કરતા રાજ્યના મહિલા અને બાળ કલ્યાણ તેમજ ઉચ્ચ અને ટેકનીકલ શિક્ષણ વિભાગના રાજ્યમંત્રી વસુબેન ત્રિવેદીએ જણાવ્યું હતું કે, નારી સામર્થ્યના સન્માન ક્ષેત્રે ગુજરાતે દેશભરમાં ઉદાહરણરૂપ કાર્ય કર્યું છે. મંત્રીએ મહિલા ઉત્કર્ષ માટે ત્રિસ્તરીય કામગીરી ઉપર મહત્વ આપ્યું હતું. મહિલાઓ ઝડપથી આગળ વધી શકશે. વસુબહેને 'કલ્ચરલ પોલ્યુશન'ની સમસ્યાને નજરઅંદાજ નહી કરી સંસ્કૃતિના જતન દ્વારા રાષ્ટ્ર નિર્માણના કાર્યમાં મહિલાઓ વધુને વધુ પ્રવૃત્ત થાય તેવો અનુરોધ પણ કર્યો હતો.

આ વિચાર-વિમર્શ બેઠકમાં ખાસ ઉપસ્થિત રહેલાં રાષ્ટ્રીય મહિલા આયોગના અધ્યક્ષા વુમન ટ્રાફિકીંગ, એસિડ હૂમલા, એનઆરઆઈ લગ્ન સંદર્ભની સમસ્યા, દહેજ, શિક્ષણનું અલ્પ પ્રમાણ જેવી અનેકવિધ સમસ્યાના નિવારણ માટે પ્રવૃત્ત થવા સૌને અનુરોધ કર્યો હતો.

આ પ્રસંગે ગુજરાત રાજ્ય મહિલા આયોગના અધ્યક્ષા લીલાબહેન આંકોલિયાએ ઉપસ્થિત સૌનું સ્વાગત કરી રાજ્ય મહિલા મહિલા સામખ્ય ક્ષેત્રે ગુજરાતે કરેલી શ્રેષ્ઠ કામગીરીનો ચિતાર આપ્યો હતો. આ વિચાર ગોષ્ઠીમાં રાષ્ટ્રીય મહિલા આયોગના સદસ્યા સુષ્માબહેન શાહુ, રેખાબહેન શર્મા ઉપરાંત પંજાબ, ઓડિસા, મહારાષ્ટ્ર, ઉત્તરાખંડ, ઉત્તરપ્રદેશ, રાજસ્થાન, છત્તીસગઢ અને ઝારખંડ સહિતના ૧૧ રાજ્યોના મહિલા આયોગના અધ્યક્ષા-પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા.





ગાંધીનગર કોબા માર્ગ પર ધોળાકુવા ગામે ગત મોડી રાત્રે આઈટેન અને મારૂતિવાન વચ્ચે અકસ્માત સર્જાયો હતો. જેમાં બન્ને કારમાં મોટાપાયે નુકશાન થવા પામ્યું હતું અને મુસાફરોને નાની-મોટી ઈજાઓ થતા ૧૦૮ મારફતે સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા.